## સ્વ. વિનાયક દામોદર સાવરકરની જન્મજયંતીએ શ્રદ્ધાસુમન અર્પણ

ગાંધીનગર, તા. ૨૮

ભારતની આઝાદી માટેના સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની સ્વ. વિનાયક દામોદર સાવરકરની ૧૩૦મી જન્મજંયતિએ તેઓના ગુજરાત વિધાનસભા પોડિયમમાં મુકાયેલ તૈલચિત્ર સમક્ષ કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીએ શ્રધાસુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ગુજરાત વિધાનસભાના ઉપદંડક શ્રી અંબાલાલ રોહિત સહિત અન્ય મહાનુભાવોએ પણ વીર સાવરકરને શ્રધાસુમન અર્પણ કર્યા હતા.

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભગૂર ગામમાં જન્મેલાં વીર સાવરકર ભારતની સ્વાધિનતા માટેની લડાઈમાં અમરકહાની રૂપ બની ગયા. તેઓ સારા લેખક અને સારા વક્તા પણ હતા. આ મહાનપુરૂષનું જીવન સદાકાળ સમાજજીવનને પ્રેરણા આપતું રહેશે.

વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ પણ વીર સાવરકરને ભાવસભર શ્રધાસુમન અર્પણ કર્યા હતા.

## સામાજિક-શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગના નવ પરણિત દંપત્તિઓ માટે કુંવરબાઈનું મામેરું યોજના

ગાંધીનગર, તા. ૨૮

સામાજિક અને શૈક્ષણિક રીતે તથા આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓ જેમના કુટૂંબની ગ્રામ્ય વિસ્તાર માટેની વાર્ષિક આવક રૂા. ૨૭,૦૦૦, શહેરી વિસ્તાર માટેની વાર્ષિક આવક રૂા. ૩૬,૦૦૦ સુધીની હોય તેવા કુટુંબોની નવ પરણિત દંપતિઓને કુંવરબાઇના મામેરા યોજના હેઠળ રૂા. ૧૦,૦૦૦ની સહાય વિકસતી જાતિકલ્યાણ ખાતા તરફથી આપવામાં આવે છે.

બક્ષીપંચની કન્યાઓ સમૂહલગ્નમાં જોડાય તો પણ નવ પરણિત દંપતિને રૂા.૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. બક્ષીપંચ જાતિના સમૂહલગ્નનું આયોજન કરનારી સંસ્થાઓ તથા આ યોજનાનો લાભ ઈચ્છુક વ્યકિતઓએ સબંધિત જિલ્લાના વિકસતી જાતિ ખાતાની કાર્યરત સમાજ કલ્યાણ અધિકારીની કચેરીનો સંપર્ક કરવો તેમ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના સંયુકત નિયામકની યાદીમાં જણાવાયું છે

# કોંગ્રેસને પરાસ્ત કરવા ભાજપે કાર્યકરોને જિલ્લા તાલુકા કક્ષાએ મેદાનમાં ઉતાર્યા

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રની યુ.પી.એ. સરકાર અને કોંગ્રેસને છતી કરવા માટે ભાજપના કાર્યકરોને હવે મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. હવે જિલ્લા અને તાલુકા કક્ષાએથી કોંગ્રેસની નિષ્ફળતાઓ છતી કરવામાં આવશે.

ભાજપના વિવિધ મોરચાના આગેવાનો કાર્યકરોની એક કાર્યશાળા અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ કાર્યશાળામાં કાર્યકરોને પ્રદેશના આગેવાનોએ પક્ષના પ્રચાર માટે જેટલો શક્ય તેટલો સોશીયલ નેટવર્કીંગનો ઉપયોગ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત કેન્દ્રની કોંગ્રેસ નેતૃત્વવાળી યુ.પી.એ. સરકારની નિષ્ફળતાઓ છતી કરવા માટે હવે જિલ્લા અને તાલુકાના કાર્યકરોને સ્થાનિક કક્ષાએ પ્રચાર અને પ્રસાર કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાએ મોરચાના ચુનંદા કાર્યકરોને જુઠાણા ફેલાવતી કોંગ્રેસને ગામે ગામ અને તાલુકા જિલ્લા મથકે ચુનોતી આપીને પરાસ્ત કરવાના એક માત્ર કાર્યને આવનાર ૬ મહિનાના સમયમાં લક્ષ બનાવવા અનુરોધ કર્યો હતો. તેઓએ સમયદાન સક્રિયતા અને સંપર્કની ત્રિસુત્રી કાર્યયોજના અમલમાં મુકી સાર્વત્રિક કમળક્રાંતિ માટે કટિબદ્ધ થવા અને વિજયના વિશ્વાસ સાથે જનજનને ભાજપમય બનાવવા આહવાન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણીમાં ઉંચી છલાંગ લગાવવા માટેના મહાઅભિયાનમાં મોરચા મહત્વની ભૂમિકા અદા કરે તેમજ ૨૦૧૨ના નિર્ણાયક જંગ પૂર્વે ૧ જૂનથી પ્રારંભ થઈ રહેલા મતદારયાદી સુધારણા કાર્યને પોતાનું મિશન બનાવી ક્ષતિરહીત મતદારયાદીઓના નિર્માણમાં કાર્યરત બને તેવું આહવાન કર્યું હતું.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૩૧મીથી યશ કોર્ષ અને આર્ટ એકસેલ કોર્ષનો પ્રારંભ

### શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત જેવા ગુણોનો વિકાસ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશ પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પરમ પૂજ્ય શ્રી શ્રી રવિશંકર પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ દ્વારા ધોરણ-૩ થી ૭ના વિદ્યાર્થીઓ માટે આર્ટ એકસેલ કોર્ષ અને ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યશ કોર્ષનો પ્રારંભ તા. ૩૧મી મે ૨૦૧૨ થી થશે જેનો નગરના દરેક વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે.

આર્ટ એકસલ કોર્ષનો સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ નો રહેશે અને યશ કોર્ષનો સમય સાંજે ૫.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન રહેશે, સમગ્ર કોર્ષ ૩૧મી મે ૨૦૧૨ થી ૩જી જૂન ૨૦૧૨ સુધી મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે ચાલશે.

આર્ટ ઓફ લીવીંગના આ કોર્ષમાં બાળકોને ચીલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધતા શીખવવામાં આવશે. આ શિબિર દ્વારા બાળકમાં આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વસ્તરે આગળ વધી શકે અને તણાવ રહીત રહે તે છે. આ અંગેની વધુ વિગતો મો.નં. ૯૪૨૬૩૦૦૩૦૩ પરથી મળી શકશે.



નામિબિયાના ક્વાંગો પ્રદેશના ગવર્નર શ્રીયુત એમ. નેકારોની આગેવાની હેઠળ એક પ્રતિનિદિ મંડળે આજે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.શ્રીયુત નેકારો સાથે પ્રતિનિધિ મંડળના સભ્યો ભારત સ્થિત નામિબિયાના હાઈકમિશનર, ઉચ્ચ અધિકારીઓ, ખેડૂતો-ઉદ્યોગકારો તથા શિક્ષકો પણ આ મુલાકાત વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- ‘સત્યમેવ જયતે’માં આમિર ખાને ડોકટરની નિયતનો મુદ્દો ઉઠાવ્યો.
- વિસનગરમાં વનખાતાંના કર્મચારીઓ જુગાર રમતાં પકડાયા.
- વડાપ્રધાન મનમોહનસિંહ સામે કોઇ ફરિયાદ નથી, કલીનચીટ છે : અણ્ણા હજારેનો અભિપ્રાય.
- સી.બી.એસ. સાયન્સ પ્રવાહનું ધો-૧૨નું પરિણામ ૮૦ ટકા ઉપર.
- રાધનપુર જી.બી. ઇન્ડસ્ટ્રીઝમાં રૂા. ૧૬ લાખનાં મુદ્દામાલ સાથે ચોરોને પકડ્યા.
- સૂરત નજીક અમરોલી ગામે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની માનવ ભીડ બેકાબુ બની તેટલી હાજરી.
- વિરમગામ હાઇવે પર ૩ જૈન સાધ્વીઓને ટ્રકે કચડી : જૈન સમાજમાં રોષ.
- મુંબઇ એરપોર્ટ પર જેટ એરવેજ વિમાનમાં આગ, એરપોર્ટ પર ગભરાટ, બધાં જ સલામત બચ્યા.
- ઇટાવામાં એક જ પરિવારની ૬ વ્યક્તિઓની હત્યા.
- ઉત્તરપ્રદેશમાં પોલીસ ચોકીમાં જ બળાત્કારની ઘટના : ખાખી વર્દી ઉપર કલંકનો ડાઘ.
- ભટીંડાનાં ગોડાઉનમાં દવાનું કારખાનું ભસ્મીભૂત.
- જમ્મુ પાસે ખાઇમાં બસ ગબડી જતાં ૩ નાં મોત : ઇજાગ્રસ્ત ત્રણ ને દાખલ કરાયા.
- નેપાળની સંસદનું વિસર્જન : પ્રજાના રસ્તાઓ પર દેખાવો.
- ચિલીમાં વરસાદથી નુકસાન થતા તબાહી સર્જાઇ.

## જીમખાના ઉપર પોલીસ ત્રાટકી : ૧૦૨ ઝડપાયા

અમદાવાદ, તા. ૨૮

શહેરના હાટકેશ્વર સર્કલ નજીક આવેલા આશીષ જીમખાના પર ગત મોડીરાત્રે પોલીસ ટીમે દરોડો પાડી જુગાર રમતા તેમજ જીમખાનામાં હાજર કર્મચારીઓ સહિત ૧૦૨ જણાંને ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ રૂપિયા, મોબાઈલ અને અસંખ્ય વાહનો સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. નોંધનીય છે કે જીમખાનામાં હાઈકોર્ટની ગાઇલાઇનનો ભંગ કરી રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી જુગાર રમાડવામાં આવતો હતો.

ઘટનાની વિગતવાર માહીત એવી છે કે સેક્ટર-૨ના જેસીપી સિદ્ધરાજસિંહ ભાટીને બાતમી મળી હતી કે હાટકેશ્વર પાસે આવેલા આશીષ જીમખાનામાં હાઈકોર્ટની ગાઇડલાઇનનો ભંગ કરી રાત્રીના ૧૧.૦૦ વાગ્યા સુધીને બદલે મોડી રાત સુધી જુગાર રમાડવામાં આવે છે. જેથી સેક્ટર-૨ સિદ્ધરાજસિંહ ભાટી, એસીપી જોગાજી પરમાર અને અમરાઈવાડી પોલીસ મથકનો કાફલો આશીષ જીમખાના પર ગતરાત્રીના ૧૨.૦૦ વાગ્યાના સુમારે ત્રાટક્યો હતો. દરમિયાનમાં પોલીસ ટીમે જીમખાનામાં જુગાર રમી અને અન્ય જુગાર રમતા મેમ્બરો ઉપરાંત બહારથી જુગાર રમવા આવેલા શખ્સો તેમજ જીમખાનાના કર્મચારીઓ સહિત ૧૦૨ જણાને ઝડપી પાડ્યા હતા.

નોંધનીય છે કે જીમખાનાને ચલાવવા માટે હાઈકોર્ટે સવારના ૮.૦૦ વાગ્યાથી લઈને રાત્રીના ૧૧.૦૦ વાગ્યા સુધી ચાલવા દેવાની ગાઇડલાઇન આપેલી છે. પરંતુ આશીષ જીમખાનામાં રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી રમી તેમજ અન્ય જુગાર રમાડવામાં આવતો હતો. આ અંગે અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# શાહપુરમાંથી દારૂ પીધેલા ૩૭ શખ્સોની ધરપકડ થઈ

### રથયાત્રાના અનુસંધાને ડ્રાઇવ દરમિયાન પોલીસે ઝડપી પાડ્યા : બધાને મેડિકલ ચેકઅપ અર્થે સીવીલ લઇ જવાયા

અમદાવાદ, તા.૨૮

શહેરના શાહપુર વિસ્તારમાંથી પોલીસે ૩૭ જેટલા શખ્સોને ચિક્કાર દારૂ પિધેલા ઝડપી પાડ્યા છે. શાહપુર પોલીસે ગુનો નોંધી તમામની ધરપકડ કરી હતી. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેર પોલીસ કમીશ્નર એસકે સાઈકિયાએ રથયાત્રાના અનુસંધાને શહેરભરની પોલીસને સતર્ક રહેવા આદેશ આપ્યા હતા. દરમિયાનમાં ગઈકાલે સેક્ટર-૧ જેસીપી અજય તોમરે દારૂ પીધેલાઓને ઝડપી પાડવા ડ્રાઈવ રાખી હતી. દરમિયાનમાં શાહપુર પોલીસ મથકના પીઆઈ એએમ દેસાઈ સહિતની ટીમ પણ શાહપુરના અલગ અલગ વિસ્તારોમાં ડ્રાઈવમાં હાજર હતી. જે દરમિયાન શાહપુર પોલીસે ગાંધીબ્રીજના નાકે, શાહપુર દરવાજા, દિલ્લી દરવાજા, શંકરભુવન, રેટીયા વાડી, વગેરે સ્થળોએથી ૩૭ જેટલા શખ્સોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. એકસાથે ૩૭ જણાં દારૂ પીધેલા ઝડપાતા ખુદ શાહપુર પોલીસ પરેશાનીમાં મુકાઇ ગઇ હતી. દારૂ પીધેલા તમામને મેડીકલ ચેકઅપ અર્થે હેડક્વાટઁરથી ગાડી મંગાવવામાં આવી હતી. બાદમાં દારૂ પીધેલા તમામને સીટી રાઈડ બસમાં સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં આજરોજ વહેલી સવાર સુધી તમામને મેડીકલ ચેકઅપ ચાલ્યું હતું. દરમિયાનમાં તમામની વિરૂદ્ધ ગુનો નોંધવામાં શાહપુર પોલીસને કલાકોનો સમય વીતી ગયો હતો. બાદમાં તમામને કોર્ટમાં હાજર કરાયા હતા. આ અંગે શાહપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પ્લાન્ટનું ખાતમુહૂર્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાગ બગીચાઓને આપવામાં આવશે. જેથી નગરમાં બાગ બગીચાઓમાં વપરાતાં શુધ્ધ પાણીની બચત થશે. તેમજ નગરના બાગબગીચાઓને ખાતરરૂપ પાણી મળી રહેશે. આ પ્લાન્ટની કામગીરી સાથે સાથે વિવિધ સેકટરોના બાગ બગીચાઓને પાણી પહોચાડવાની કામગીરી પણ ટુંક સમયમાં ચાલુ થશે.

રાજયના મુખ્યમંત્રીશ્રી રાજયના પાટનગર ગાંધીનગરને ટુરિઝમ સેન્ટર તરીકે વિકસાવવા વિશેષ -યત્નો કરી રહયાં છે. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિરથી સાબરમતીના તટ સુધીના વિસ્તારનો આકર્ષક લાગે તેવો વિકાસ થઈ રહયો છે. તે ઉપરાંત ગાંધીનગર-અમદાવાદને મેટ્રો ટ્રેનથી જોડવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ રેલ્વે ચાલુ થતાં ગાંધીનગર - અમદાવાદ શહેરમાં -દૂષણની માત્રા ઘટશે.

આ -સંગે ગાંધીનગર જિલ્લા -ભારી મંત્રી અને શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પાટનગર યોજના ભવનના મુખ્ય ઈજનેર શ્રી એન.એમ.પટેલ સહિત અનેક અધિકારીશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહયાં હતાં

### પાણીની ટાંકી અને સંપ માટે ૩.૫૪ કરોડ ખર્ચાશે

ગટરના પાણીને શુદ્ધ કરી બગીચાઓની હરિયાળી નિખારવા સરગાસણ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જ્યારે આ પ્લાન્ટ થકી પ્રથમ તબક્કામાં સ્વર્ણિમ પાર્કની હરીયાળીને બરકરાર રાખવા આયોજન કરાયું છે જે અન્વયે સ્વર્ણિમ પાર્કને પાણી પહોંચાડવા રૂ. ૬૦ લાખના ખર્ચે ૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી પાણીની ટાંકી તેમજ ૨ ૩૫ લાખના ખર્ચે અન્ડર ગ્રાઉન્ડ સંપ પણ બનાવાશે. આ સંપની કામગીરી પાછળ રૂ. ૩.૫૪ કરોડનો ખર્ચ થશે.

### મંત્રીનો દરજ્જો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભાની ચૂંટણી હારી ગયા હતાતે પછી તેમને પાર્ટીમાં ઉચ્ચ હોદ્દો આપવાની ચર્ચા ચાલતી હતી. ગુજરાતમાં રાજયસભાની બેઠક ખાલી પડી ત્યારે તેમને ટીકીટ મળવાના ચાન્સ હતા. રાજકીય તજજ્ઞો પણ માનતા હતા કે શંકરસિંહને રાજયસભામાં મોકલી હાઈકમાન્ડ કેન્દ્રીય મંત્રી બનાવશે પરંતુ આ અકટળો લાંબી ચાલી ન હતી.

ગુજરાતમાં ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે શંકરસિંહને ઉચ્ચ પદ મળે તેવું દેખાઈ રહ્યું હતું કારણકે આગામી ચૂંટણીમાં પાર્ટી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ઉપયોગ કરી શકે. હવે તેમનો રસ્તો ક્લિયર થયો છે. પાર્ટીએ તેમને ચૂંટણી પ્રચારમાં મહત્વનું પદ તો આપ્યું છે પરંતુ તે સાથે કેન્દ્ર સરકારના સાહસમાં ચેરમેન બનાવીને સાચવી લીધાં છે.

### સોશ્યલ નેટવર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભા મિશન-૨૦૧૨ એ સાયબર વોરનું કેન્દ્રબિંદુ બનશે. રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સંસ્કારધામમાં પાર્ટીના વિવિધ મોરચના કાર્યકર્તાઓને એવી શીખ આપી હતી કે સોશ્યલ નેટવર્ક મજબૂત બનાવશો તો તમે મતદારોનો જીવંત સંપર્ક કરી શકશો.

મોદીએ કહ્યું હતું કે અત્યારે ઈન્ટરનેટનો યુગ છે. ભાજપના તમામ કાર્યકરોએ સોશ્યલ નેટવર્કનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. જેમની પાસે સોશ્યલ એકાઉન્ટ નથી તેમણે તુરત જ એકાઉન્ટ ખોલાવી નેટસેવી યુવા મતદારોનો સંપર્ક કરવો જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભાજપના કાર્યકરોએ સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસના કામો સોશ્યલ સાઈટ ઉપર મૂકવા જોઈએ.

મોદી ખુદ સોશ્યલ નેટવર્કનો છૂટથી ઉપયોગ કરે છે. ફેસબુક, વેબસાઈટ, ટ્વિટર અને બીજા ઘણાં બધાં નેટવર્કમાં તેમની પોસ્ટ જોવા મળે છે. અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, સચીન તેંડુલકર અને બીજી ઘણી સેલેબ્રિટીઝ સોશ્યલ નેટવર્કના સહારે છે. તેમના શુભેચ્છકો નિત તેમની સાથે સંવાદ કરે છે. રાહુલ ગાંધી હોય કે નરેન્દ્ર મોદી, અખિલેશ યાદવ હોય કે શક્તિસિંહ ગોહિલ, સોશ્યલ સાઈટમાં પાવરફુલ નેતાઓ છે.


ભાજપની જેમ કોંગ્રેસના નેતાઓ પણ તેમના કાર્યકરો માટે સોશ્યલ એકાઉન્ટની ભલામણ કરે છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલ પણ કહે છે કે વર્તમાન સમયની ચૂંટણીમાં ઉમેદવારોએ યુવા મતદારો સાથે સીદો સંપર્ક કરવો હોય તો તેના માટે ઉત્તમ સાધન સોશ્યલ નેટવર્કિંગ છે. પ્રદેશના નેતાઓને તેમણે આવી ભલામણ પણ કરી છે. ફલસ્વરૂપ આજે શક્તિસિંહ હોય કે અર્જુન મોઢવાડિયા, શંકરસિંહ વાઘેલા હોય કે નરહરિ અમીન પ્રત્યેકનું ફેસબુક એકાઉન્ટ છે. ટોચના નેતાઓની ખુદની વેબસાઈટ મોજૂદ છે.

### ગેંગ ત્રાટકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિનુભાઈ કાળુભાઈ મોણપરાની રેતી પર હતા જ્યારે રાત્રી દરમિયાન સુધીરભાઈ તેમજ લીઝના કામ સાથે સંકળાયેલા જગદીશભાઈ બુધાજી વણઝારા અને વરવાજી ઠાકોર અન્ય માણસો સાથે સૂઈ ગયા હતા. આ વેળાએ મોડીરાત્રે ત્રણ વાગ્યાના અરસામાં આદિવાસી જેવા લાગતા ૧૦ જેટલા ઈસમો હાથમાં લોખંડના સળિયા સાથે ત્યાં આવી પહોંચ્યા હતા. શરીરે પોતીયા જેવું વસ્ત્ર પહેરીને આવેલા અજાણ્યા ઈસમોએ લોખંડના સળિયા વડે સૂતેલા ત્રણેય વ્યક્તિ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન આ ગેંગના ઈસમોએ તેમની પાસેથી સોના-ચાંદીના દાગીના સહિત રૂ. ૯૮ હજાર લૂંટી લીધા હતા. અજાણ્યા ઈસમોએ લોખંડના સળિયાના ‘ઘા’ મારતા ત્રણેય વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા સુધીરભાઈને પણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પી.આઈ. બી.સી. ઠક્કરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પૂછતાછ અને તપાસના અંતે પોલીસે પણ આદિવાસી ગેંગ હોવાની આશંકા વ્યક્ત કરી છે. જ્યારે ભૂતકાળના આવા ગુનાઓ સંદર્ભે પણ પોલીસ તપાસ કરી રહી છે. ગુનેગારો ઝડપથી પકડાઈ જશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૭૪૨




**આડી ચાવી**

૧. બીજાને વશ (૪)
૪. પૃથ્વી, વસુંધરા (૩)
૬. પાણીની ફરફર, વાછટ (૩)
૮. સાધુસંતોનું ભિક્ષાપાત્ર, તુંબડી (૪)
૧૦. બાતલ, કેન્સલ (૨)
૧૧. સર્પ, નાગ (૨)
૧૨. જાપ, એક નામનો જાપ કરવો (૩)
૧૪. સાચવવું, સાચવીને રાખવું (૪)
૧૬. કાતરાના ઠળીયા કે બીયા (૩)
૧૭. સુવર્ણ મૃગનું રૂપ લેનાર રામાયણનો આ રાક્ષસ (૩)
૧૯. સત્ત્વાવાળુ, કસવાળુ (૪)
૨૨. ખડકલો, ઢગ (૩)
૨૩. વિચાર, વોટ (૨)

**ઊભી ચાવી**

૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૨. બીજાને વશ કરવું તે (૫)
૩. આરોપી, જેની પર શંકા હોય તેવો વ્યક્તિ (૪)
૫. તન-મનને ગમે તેવા અનુભવ (૨)
૭. રો, રૂદન કર (૨)
૯. આંગણમાં છાણ-માટીનો લેપ કરે તે (૩)
૧૧. તદ્દન (૨)
૧૩. વિસ્તારનો દાદો, લુખ્ખો (૩)
૧૪. સાચો, ખોટો નહિ તેવો (૪)
૧૫. ઘણા ‘સરસ છે’ તેવું બોલવાના બદલે.... શબ્દ બોલે છે (૩)
૧૭. ટ્રેડમાર્ક (૨)
૧૮. ચઢવું, .... ઉતર (૨)
૨૦. પૈસા, નાણાં (૨)
૨૧. મગ્ન, તલ્લીન (૨)

### શબ્દાવલી ૪૭૪૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાનખજૂરો (૩) કપ (૫) જજબાત (૭) બળવાન (૧૦) ડબલું (૧૧) ડકાર (૧૨) ઈનકાર (૧૪) મલમ (૧૭) પજવણી (૧૮) વાશીદુ (૧૯) લંબુ (૨૦) દખ (૨૧) નાગરવેલ

**ઊભી ચાવી :-** (૧) કાખબલાઈ (૨) રોજ (૩) કબાબ (૫) પતલુ (૬) જડ (૮) વાડકા (૯) નકાર (૧૩) નખશીખ (૧૪) મજબૂર (૧૫) લવ (૧૬) મણી (૧૭) પલંગ (૧૮) વાદ